# MSUના ગ્રાફિક આર્ટ્સ વિભાગના વિદ્યાર્થીઓએ બનાવેલા ચિત્રોનું પ્રદર્શન યોજાયું







રેષા શીર્ષક હેઠળ ૨૦૨૨ના પાસઆઉટ વિદ્યાર્થીઓના મનમોહક આર્ટવર્કના પ્રદર્શનનું ઉદ્ઘાટન દેશના પ્રખ્યાત ફિમેલ પ્રિન્ટ મેકર આર્ટિસ્ટ નૈના દલાલના હસ્તે કરાયું હતું.

# રેષા શીર્ષક હેઠળ વિદ્યાર્થીઓએ આર્ટવર્કમાં જીવનના અનુભવોનો નિચોડ દર્શાવ્યો

## તાજેતરમાં પાસ થયેલા માસ્ટર્સના ૧૦ વિદ્યાર્થીઓના ૫૦થી વધુ આર્ટવર્ક પ્રદર્શિત

**સંદેશ**

એમ.એસ.યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના એક્ઝિબિશન હૉલ ખાતે તા.૧૪થી ૧૬ સપ્ટેમ્બર સુધી રેષા શીર્ષક હેઠળ ગ્રાફિક આર્ટ્સ વિભાગના વિદ્યાર્થીઓએ બનાવેલાં આર્ટવર્કનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

જે વિશે વિદ્યાર્થી મિલન લુણાગરિયાએ કહ્યું હતું કે, અમે વર્ષ ૨૦૨૨ની બેચના પાસઆઉટ વિદ્યાર્થીઓ છે. જેમાં મારી સાથે અમારા વિભાગના દેબાશ્રુતિ એઈચ, ફાતેમા કેન્ટીનવાલા, જોયસોધિતા ધર, રાજા બોરો, રોકેશ પાટિલ, સંજય કુમાર યાદવ, સાદિકા કરીમ, સિમરન યાજ્ઞિક અને તમન્ના સુલતાનાએ બનાવેલાં ૫૦થી વધુ આર્ટવર્ક પ્રદર્શિત કરાયા છે. જેને શહેરીજનો સવારના ૧૧ વાગ્યાથી રાતના ૮ વાગ્યા સુધી નિહાળી શકશે.







ગ્રાફિક આર્ટ્સમાં રેખા એટલે કે લાઈનનું ઘણું મહત્વ હોય છે. મરાઠીમાં રેખા માટે રેષા શબ્દ વપરાય છે. જેથી અમે આ એક્ઝિબિશનને રેષા શીર્ષક આપ્યું છે. વિદ્યાર્થીઓએ પોતાના ગામ અને શહેરોની ભાતિગળ સંસ્કૃતિ, ત્યાંની રહેણી-કરણી તેમજ માસ્ટર્સના અભ્યાસ દરમિયાન ગ્રાફિક આર્ટ્સમાં તેઓ શું શીખ્યાં, તેમના આ ક્ષેત્રે કેવાં અનુભવો રહ્યાં તેમજ પોતાના રોજિંદા જીવનના અનુભવોનો નિચોડ પોતાના આર્ટવર્કમાં દર્શાવ્યો છે.

જેનું ઉદ્ઘાટન દેશના પ્રખ્યાત ફિમેલ પ્રિન્ટ મેકર આર્ટિસ્ટ નૈના દલાલના હસ્તે કરાયું હતું. જેઓ આ ક્ષેત્રે ૫૦થી વધુ વર્ષોનો અનુભવ ધરાવે છે.